

ગાંધીનગર માટી નીચે સંતાડેલા ખજાના જેવુ શહેર છે. આ વૈભવી શહેરની મજા માણવા આંખ ખુલ્લા અને કાન સરવા રાખવા પડે. ફોટામાં દેખાતું અજાયબ પક્ષી હોર્નબિલ છે. ગાંધીનગરમાં એણે એક નાનકડી બખોલ કરી છે. આ પક્ષીનું ગુજરાતી નામ જાણશો તો વધુ મજા પડશે. ગુજરાતીમાં એને વહુઘેલો કહે છે. આ પક્ષીનું દાંપત્ય અનેરૂ છે. માદા બચ્ચાને જન્મ આપવા તૈયાર થાય કે એકાદ ઝાડની બખોલમાં પુરાઈ જાય, પોતાની ચરક અને અન્ય પદાર્થોથી પોતાની બખોલ પુરી દે પણ ચાંચ નીકળે એટલુ બાકોરૂ રાખે. હવે નર હોર્નબિલ આખો દિવસ બહાર રહીને માદાની સેવાચાકરી કરે, શહેરમાં આંટો મારી આવે, પોતાની ચાંચ અને એની કોથળીમાં જેટલું ભરાય એટલુ લઈ આવે. વડના ટેટા, નાના જીવડાં... જે મળ્યું એ. અને ચાંચ પેલી સાંકડી બખોલમાં સરકાવીને માદાને ખવડાવે. ઈંડામાંથી બચ્ચા થઈ જાય એટલે નર પુરવઠો વધારી દે. આખો દિવસ ટાંપા કરે, જે ચાંચે લાગ્યું તે...! આવું પ્રેમસભર યુગલ ગાંધીનગરના પ્રાકૃતિક વૈભવમાં વધારો કરી રહ્યુ છે. તેમનું એકાંત જળવાઈ રહે તે માટે તેમનું ચોક્કસ સ્થાન નથી આપ્યું, પણ મોબાઈલમાં નીચુ જોઈને ફરનારા મિત્રો આકાશ તરફ નજર ઉઠાવીને આ દુર્લભ દશ્યની શોધ કરે તો ચોક્કસ એક નવી દષ્ટિ વિકસશે એવી આશા...

**ફોટો સ્ટોરી : ઉત્સવ પરમાર અને તીર્થરાજસિંહ જાડેજા**

# જનસેવા કેન્દ્રનું નવીનીકરણ કરાશે

**સબ રજીસ્ટ્રાર કચેરી અને જનસેવા કેન્દ્રના નવીનીકરણ સાથે મોડેલ કચેરી બનાવાશે : આ બન્ને કચેરીના નવીનીકરણમાં સામાન્ય માણસને કેન્દ્રમાં રાખી સેવાનો વ્યાપ વિસ્તારાશે : કલેક્ટર**

ગાંધીનગર, તા. ૧૪

બે વર્ષથી અભેરાઈએ ચડેલ મોડેલ સબ રજીસ્ટ્રારની કચેરી બનાવવીની ફાઈલ પર ચડેલી ધૂળ ખંખેરી હવે જિલ્લા વહીવટીતંત્ર સબ રજીસ્ટ્રાર કચેરી તેમજ જનસેવા કેન્દ્રનું નવીનીકરણ કરશે. જુલાઈ-૧૯ પહેલાં આ નવીનીકરણ સંપન્ન કરવાના લક્ષ્યાંક સાથે તંત્રએ હાલ આ કામગીરી હાથ ધરી છે.

કલેક્ટર કચેરીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ હજાર ચો.મી. જગ્યામાં આ બન્ને કચેરીઓનું નવીનીકરણ કરવામાં આવશે. સાથે ચોથા માળે ચાલતી આધાર કાર્ડ, ઈલેક્શન કાર્ડ, તેમજ રેશન કાર્ડ, ઈ-સ્ટેમ્પ પેપર અને ફ્રેન્ટ્રીંગ મશીનની સુવિધા હાલની સબ રજીસ્ટ્રાર કચેરીની જગ્યા પર ખસેડવામાં આવશે.

જિલ્લા સમાહર્તા એસ.કે. લાંગાએ આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર સા.ના સીધા માર્ગદર્શન તળે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં તેમણે આ બન્ને કચેરીઓની મુલાકાત લીધી અને લોકોને પડતી મુશ્કેલી જોઈ તેમને નવીનીકરણ તેમજ આધુનિકરણ અંગે ખાસ માર્ગદર્શન આપી આ દિશામાં આગળ વધવા જણાવાયુ છે.

આ બન્ને કચેરીઓ સંપૂર્ણ વાતાનુકુલિત હશે જેમાં સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખી નવીનીકરણની આખી ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

સબરજીસ્ટ્રારની કચેરી અત્યંત આધુનિક સુવિધા સાથેની હશે. જેમાં ચાર સબ રજીસ્ટ્રારની અલગ-અલગ ચેમ્બર હશે એટલુ જ નહિ દરેક સબ રજીસ્ટ્રારના વિષયો પણ અલગ-અલગ હશે જેથી હાલ થતી ભીડની સમસ્યા હળવી બનશે તેમજ કામની ગતિમાં પણ વધારો થશે.

લાંગાએ જણાવ્યુ હતુ કે જનસેવા કેન્દ્રમાં ૧૫ કાઉન્ટરને બદલે ૨૩ કાઉન્ટર શરૂ કરાશે. આ બન્ને કચેરીઓ સીસીટીવી કેમેરાથી આવરી લેવામાં આવશે.

ઈલેક્ટ્રોનિક્સ ટોકન ડિસ્પલેની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ઈ.ધરા કેન્દ્ર પણ જનસેવા કેન્દ્રની સાથે આવરી લેવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે દરેક પ્રકારની સેવાઓ માટે માહિતી અને માર્ગદર્શન આપતા બોર્ડ મુકવામાં આવશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જનસેવા કેન્દ્રની બાજુમાં ખુલ્લી જગ્યા જે હાલ પાર્કિંગમાં વપરાય છે તે ખુલ્લી કરી અને વધુ કાઉન્ટરો તેમજ અરજદારો માટે આરામદાયક બેઠક વ્યવસ્થા સાથેનો હોલ બનાવવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર



પૂર્વ તૈયારી - ચોમાસાના આગમન પૂર્વે વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વૉટર લાઈનમાં સાફ-સુફીનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે... નગરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ન ભરાય તે માટે પર્યાપ્ત કાળજી લેવાય છે....

# સામાન્ય સભા પહેલાં જ વિપક્ષી નેતાની લાલ આંખ

**જી.પી.એમ.સી. એક્ટનો સરેઆમ ભંગ કોંગ્રેસ સાંખી લેશે નહિ : સામાન્ય સભાનો એજન્ડા મેયરે નિયત કરી સત્તાઓની મર્યાદા ઓળંગી છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે વધુ એક પત્ર મ્યુનિ. કમિશ્નરશ્રીને લખી મ્યુનિ. સેક્રેટરી દ્વારા ફરજ ભંગ કરાયો હોવાની ફરિયાદ કરી સામાન્ય સભામાં તે અંગે સ્પષ્ટતા કરવા માટે સચિવને કહેશો તેવી માંગ કરી છે.

૧૭મીના રોજ મળનારી સામાન્ય સભામાં માત્ર એક જ એજન્ડા નક્કી કરી સૂચવવામાં આવ્યો છે. તેમણે મેયરે તેમની સત્તા બહાર આ એજન્ડા પણ નિયત કર્યો હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષી નેતાએ કર્યો છે.

તેમણે જણાવ્યુ કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમ્યાન મુલ્તવી રખાયેલ સામાન્ય સભાના મુદ્દાઓ એજન્ડામાં નહિ સમાવી મ્યુનિ. સેક્રેટરીએ ફરજ ભંગ કર્યો છે. જી.પી.એમ.સી. એક્ટનો પણ સરેઆમ ભંગ કર્યો છે.

મ્યુનિ. સેક્રેટરી તરીકે આપના તાબાના કર્મચારીને મુકી સામાન્યસભા માટેના સભ્યોના અધિકારો પર તરાપ મારવાની સત્તાધીશોની આ લાલસા યોગ્ય નહિ હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ. વિપક્ષી નેતાએ જણાવ્યુ છે કે કાયદા અને પરંપરાઓ મુજબ સામાન્ય સભા મળવી જોઈએ કોઈની મનમાની આધારિત સભા ચાલે એ યોગ્ય નથી. અહિ પ્રજાના પ્રતિનિધિઓના અધિકારોની વાત છે એટલે જ આપ આ બાબતને ગંભીરતાથી લેશો.

તેમણે જણાવ્યુ છે કે જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓનું ઉઘાડે છોગ અવમૂલ્યન અમારો પક્ષ સાંખી લેશે નહિ તે પણ નોંધી રાખશો. આ માટે જરૂર પડ્યે કાયદાકીય લડત આપીશુ.

# સેન્ટ ઝેવિયર્સ અને કાર્મેલના સુવર્ણ જયંતિ મહોત્સવનો આજથી પ્રારંભ

**પરેડ, સાઇકલ રેલી સાથે વિદ્યાર્થીઓ હાથમાં મસાલ લઇને આગેકુચ કરશે : સે-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સ્થાપના કાળથી વિદ્યાર્થીઓમાં પાયાનુ શિક્ષણ પુરુ પાડવામાં કાર્યરત નગરની સેન્ટ ઝેવિયર્સ તેમજ માઉન્ટ કાર્મેલ શાળા સંસ્થાને ૫૦ વર્ષ પુર્ણ થતા આજથી સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરશે. સ્થાપના કાળ દરમિયાન સે-૨૦ ની પ્રાથમિક શાળાના સ્થળે કાર્યરત આ બન્ને શાળાના વિદ્યાર્થીઓ સવારે ૮ કલાકે આ સ્થળેથી પરેડ, સાઈકલ રેલી સાથે હાથમાં મસાલ લઈને આગેકુચ કરશે. ત્યારબાદ સે-૮ સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે સુર્વણ જયંતિ મહોત્સવનો પ્રારંભ થશે.

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ તેમજ માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ તા ૧૫ જુનના રોજ સ્થાપનાના ૫૦ વર્ષ પુર્ણ કરશે. બન્ને શાળાઓ દ્વારા સે-૨૦ ની પ્રાથમિક શાળામાં શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ સેન્ટ ઝેવિયર્સ સે-૮ તેમજ અને માઉન્ટ કાર્મેલ સે-૨૧ ખાતે કાર્યરત થઈ. અત્યાર સુધીમાં ૫૦ હજાર કરતા પણ વધુ વિદ્યાર્થીઓએ આ બન્ને શાળામાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે. બન્ને સંસ્થાઓએ શહેરમાં શિક્ષણને પ્રોત્સાહીત કરવાનુ કામ કર્યુ છે. શહેરના સ્થાપના કાળ દરમિયાન શહેરમાં શિક્ષણની દ્રષ્ટીએ વસવાટ કરવો તે વિચારણીય બાબત હતી છતા આ બન્ને સંસ્થાઓએ આ સ્થળાંતરિત વસાહતીઓના હીતમાં ઉંડો રસ લઈને તેમના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની શરૂઆત કરી.૧૯૭૦માં સ્થાપના બાદ આ બન્ને શાળા હવે સુવર્ણ જયંતિ ઉજવણી કરશે આ ઉજવણી તા ૧૫ જુન ૨૦૧૯ થી ૨૦૨૦ સુધી કરવામાં આવશે. તા ૧૫ જુન ના રોજ સે-૨૦ શાળાના પ્રારંભિક કાર્યક્ષેત્રના સ્થળેથી

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત વહીવટી સેવા કેડરના ચાર અધિકારીઓ બદલાયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વહીવટી સેવાના ચાર અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. અમદાવાદના અધિક નિવાસી કલેક્ટર એમ.ડી. દવેની બદલી તેમણે મહેસાણા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બનાવવામાં આવ્યા છે. જ્યારે પી.બી. રાઠોડ પ્રાંત અધિકારી મહેસાણાને અધિક નિવાસી કલેક્ટર મહેસાણા તરીકે મુકવામાં આવ્યા છે. મહેસાણાના અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. વોહરાને અમદાવાદના અધિક નિવાસી કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે મહેસાણા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ.કે. રાઠોડને પંચમહાલના નિયામક પ્રોજેક્ટ ટ્રાયબલ એરિયા સબપ્લાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.




## બેસણું

અમારા માતૃશ્રી **હંસાબેન ભરતભાઈ શર્મા**નું દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૭/૬/૨૦૧૯ને સોમવાર**ના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

પિયરપક્ષનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

**સ્વ. બબાભાઈ ગોપાળદાસ પારેખ (વલાદ)**

**સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

સ્થળ : પ્લોટ નં. ૭૪૬/૨, જાગૃતિ પાર્ક સોસાયટી, સેક્ટર-૩૦, ગાંધીનગર

**ભરતભાઈ છનાલાલ શર્મા**
**હિતેન્દ્ર ભરતભાઈ શર્મા - ૯૯૯૮૦૩૩૩૧૨**
**હર્ષદ ભરતભાઈ શર્મા - ૭૦૪૬૩૮૭૭૩૦**

## શ્રદ્ધાંજલિ

**ચૌદમી વાર્ષિક પુણ્યતિથિએ હૃદયપૂર્વકની અંજલિ**



નિર્વાણ : ૧૫-૬-૨૦૦૫

**સ્વ. છોટુભાઈ દામોદરભાઈ રાખશિયા**

(નિવૃત્ત મામલતદાર, ગાંધીનગર સાહિત્યસભાના મંત્રીશ્રી, ગાંધીનગર સમાચરાના શબ્દસેતુ કોલમના લેખક)

વિદાય બની ગઈ છે વસમી આપની
હજુ પણ આંખો રડે છે જોઈ તસવીર આપની
ભૂલાતી નથી એકપણ પળ યાદો આપની
સતત સ્મરણમાં રહે છે પ્રેરકમૂર્તિ આપની
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને
ચિરશાંતિ અર્પે તેવી હૃદયપૂર્વકની પાર્થના....

**ગં.સ્વ. મંછાબેન છોટુભાઈ રાખશિયા**
**સુરેન્દ્ર ● સ્મિતા ● નિશા ● અમનદીપ - આરનવ**
**કું. હર્ષા / પંકજ ● રેશ્મા - નિખાર**
**કાશ્મીરા ● સ્વપ્નીલ ● વિકી**
**સંગીતા ● હિરેનકુમાર ● હર્ષ ● આદિત્ય**

## જોઈએ છે - મદદનીશ ડોક્ટર

ગાંધીનગરના જાણીતા અનુભવી ડોક્ટરને તેમના ક્લિનીકમાં મદદરૂપ થઈ શકે તેવા મદદનીશ ડોક્ટરની આવશ્યકતા છે. અલોપથી, આયુર્વેદા અથવા હોમિયોપથી પ્રેક્ટિસ કરતા હોય તેઓ સંપર્ક કરી શકે છે

**મોબાઇલ - ૦૯૮૨૫૫ ૬૮૦૮૩**


# બ્રાઈટ ઈન્ટરનેશનલની ૪૦ સ્કુલ બસ ડીટેઈન

**રજીસ્ટ્રેશન વગર દોડતી બસો આર ટી ઓ અધિકારીએ શાળામાં જઇને ડીટેઇન કરી : અંદાજિત રૂ ૧ કરોડનો દંડ કરાશે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર અમદાવાદ વચ્ચે સ્થિત વલાદ ગામની બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલની ૪૦ સ્કુલ બસ આર ટી ઓ દ્વારા ડીટેઈન કરી દેવામાં આવી છે. આર ટી ઓ ના રજીસ્ટ્રેશન વગર દોડતી આ બસોને ડીટેઈન કરી અમદાવાદ આર ટી ઓ કચેરીએ મુકી દેવામાં આવી છે. ગાંધીનગર અમદાવાદ આર ટી ઓ કચેરીના ઈન્સ્પેકટરોએ આજે શાળામાં જઈને આ નિયમ વિરુધ્ધ માર્ગો પર દોડતી બસોને ડીટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ નિયમ વિરુધ્ધ દોડતી બસો અન્વયે શાળા સંચાલકો પાસેથી અંદાજિત રૂ ૧ કરોડની દંડ વસુલી કરવામાં આવશે.

ગાંધીનગરમાં આર ટી ઓના નિયમોનુ ઉલ્લંઘન કરીને દોડતી સ્કુલ બસો તેમજ સ્કુલ વર્ધીના અન્ય વાહનોને ડીટેઈન કરવા માટે આર ટી ઓ કચેરી દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ શહેરમાં આ ઝુંબેશ અન્વયે નિયમ વિરુધ્ધ દોડતી સ્કુલવાન ડિટેઈન કરવા માટે અભિયાન હાથ ધરાયુ હતુ. આ દરમિયાન ૧૮ જેટલી સ્કુલવાન ડીટેઈન કરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આર ટી ઓ કચેરી દ્વારા હાલ આ ઝુંબેશ અન્વયે ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરતા વાહનો સામે પગલા

● અનુસંધાન પાન-૭ પર

# ૪ મહિના બાદ આજે જિલ્લા સંકલન સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૧૪

૪ મહિના બાદ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિ સહિત વિવિધ જિલ્લાકક્ષાની બેઠકોનો દોર આજથી આરંભાશે.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિ, પુરવઠા સલાહકાર સમિતિમાં ધારાસભ્યો ઉપસ્થિત રહેતા હોય છે અને તેઓ પ્રજાના પ્રશ્નો અને હાલાકીઓ અંગે રજુઆત કરતા હોય છે.

જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને કાયદો-વ્યવસ્થા, સંકલન સમિતિ તેમજ અન્ય જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓની બેઠક મળતી હોય છે. દર મહિનાના ત્રીજા શનિવારે આ બેઠકો યોજાતી હોય છે.

ચૂંટણી પંચની આચારસંહિતાને લઈ આ બેઠકો થંભી ગઈ હતી. આ બેઠકો પુનઃ આરંભાશે.

મળતી વિગતો પ્રમાણે આજની સંકલન સમિતિની બેઠકમાં આગામી દિવસોના કાર્યક્રમો વન મહોત્સવ, કૃષિ મહોત્સવ તેમજ મુલ્તવી રખાયેલ શાળા પ્રવેશોત્સવ સહિતના વિવિધ સરકારી કાર્યક્રમોની જાણકારી આપવામાં આવશે.

વિધાનસભાના સત્ર પૂર્વે અને લોકસભાની ચૂંટણી પછી આ પહેલી બેઠક હોવાથી તેના પર સૌની નજર મંડાયેલી છે.

**કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં આવતીકાલે**

# ‘અર્ક’ વ્યાખ્યાનમાળામાં ભીખુદાન ગઢવીનું પ્રવચન

**પદ્મશ્રી ભીખુદાન ગઢવી પળે પળને પર્વ બનાવતી પ્રસન્નતાની ચાવી આપશે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના ૨૫ વર્ષની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ અંતર્ગત આવતીકાલે રવિવારે સવારે ૧૦ કલાકે સે-૨૩ સ્થિત ખીમજી વિશ્રામ હોલ ખાતે અર્ક વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન પદ્મશ્રી ભીખુદાન ગઢવી પળે પળને પર્વ બનાવે પ્રસન્નતા વિષય પર રસપ્રદ વકતવ્ય આપશે.

શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમને ૨૫ વર્ષ પુર્ણ થતા પળે પળને પ્રસન્ન બનાવવાના અભિગમ સાથે અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગત મહીના દરમિયાન ગ્રીષ્મોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હુ છું ..ગાંધીનગર નાટક તેમજ સોનુ નિગમના ગીતોનો શાનદાર કાર્યક્રમો પણ શ્રોતાઓએ મનભરીને નિહાળ્યા હતા.

જયારે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વર્ષ દરમિયાન નવરાત મહોત્સવ સહીત અનેક વિધ નવતર સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન કરાયુ છે. ગાંધીનગર શહેરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડવા સહીત નગરના કલાપ્રેમીઓની સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા સંસ્થા દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી સતત વૈવિધ્યસભર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા પ્રતિવર્ષ અર્ક વ્યાખ્યાન માળાનુ પણ આયોજન કરવામાં આવે છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com